**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

11992

જીસીસીઆઇ/ડીવાયએસજીઆર-૨/રજૂ/૨૦૧૯-૨૦/

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

૨૪ ઓક્ટોબર, ૨૦૧૯

**શ્રી નીતિનભાઈ પટેલ**
*માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**<u>વિષય : કરવેરા સમાધાન યોજના ૨૦૧૯.</u>**

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી,**

સૌ પ્રથમ આપને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજૂઆતને માન આપી એમનેસ્ટી સ્કીમ-૨૦૧૯ની જાહેરાત કરવા બદલ આભાર વ્યક્ત કરીએ છીએ. ગુજરાત ચેમ્બર તેમજ અમારી સાથે સંલગ્ન પ્રોફેશનલ સંસ્થાઓ દ્વારા તા.૧-૧૦-૨૦૧૯ના રોજ ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષ શ્રી જે.પી.ગુપ્તાની અધ્યક્ષતામાં આયોજીત પરિસંવાદમાં એમનેસ્ટી સ્કીમને કરદાતાઓ માટે વધુ ઉપયોગી અને ફાયદાકારક બનાવવાના આશયથી સૂચનો આપવામાં આવ્યા હતા અને આપશ્રી સાથેની અગાઉની મિટિંગોમાં આ અંગે વિસ્તૃત ચર્ચા થઇ હતી. આ ચર્ચાઓની શરુઆત થયેથી ખુબજ ઓછા સમયગાળામાં આપશ્રીએ એમનેસ્ટી સ્કીમ માટે સુધારાઓની ચર્ચા અમારી સાથે કરી રજૂઆતોને ધ્યાને લીધી તે બદલ આપશ્રીનો ખુબ ખુબ આભાર. મિટિંગમાં ચર્ચા મુજબના સૂચનો આપના સકારાત્મક નિર્ણય સારુ નીચે મુજબ જણાવીએ છીએ.

**<u>વેરા સમાધાન યોજના ૨૦૧૯માં સુધારા જરૂરી</u>**

ગુજરાત સરકારે તા. ૧૧-૯-૨૦૧૯ના ઠરાવથી વેરા સમાધાન યોજના ૨૦૧૯ જાહેર કરેલ છે. સરકારના ઠરાવ મુજબ તા. ૧-૭-૨૦૧૯ થી જીએસટીના કાયદાનો અમલ શરુ થયો તે અગાઉ અમલી કાયદાઓ અન્વયે ૨૦,૦૦૦ થી વધુ વિવાદો વિવિધ સ્તરે પડતર છે કે જેના કારણે વસૂલાતની મોટી રકમ બાકી પડતર છે. આ જુના વિવાદોના ત્વરિત અને અસરકારક નિકાલ માટે આ યોજના

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. +91 - 79 - 2658 2301-2-3-4 gcci@gujaratchamber.org www.gujaratchamber.org

જાહેર કરવામાં આવેલ છે. વેરા રાહત યોજનાની કેટલીક જોગવાઇઓના કારણે તેને યોગ્ય પ્રતિસાદ મળેલ નથી. આ સંજોગોમાં યોજનાને અપેક્ષિત પરિણામ ન મળે અને યોજના લાવવાનો ઉદ્દેશ બર ન આવે તેવું સંભવી શકે છે. આથી જાહેર કરેલ વેરા સમાધાન યોજનામાં ધરમૂળથી ફેરફારો થાય તે આવશ્યક છે.

**<u>સમય મર્યાદામાં લંબાવવી જરૂરી</u>**

આ યોજનાની જોગવાઇ મુજબ જે કોઇ વેપારી આ યોજનાનો લાભ લેવા માંગતી હોય તેઓએ મોડામાં મોડી તા. ૧૫-૧૧-૨૦૧૯ સુધીમાં અરજી કરવી ફરજીયાત છે. આ યોજનાની જોગવાઇઓને યોગ્ય પ્રતિસાદ મળેલ જણાતું નથી અને તેથી તેમાં મોટા પ્રમાણમાં ફેરફારો કરવા આવશ્યક છે. વળી વેપારીઓ દિવાળીના તહેવારના અનુસંધાને પોતાના ધંધાઓમાં વ્યસ્ત છે. આ સંજોગોમાં યોજનામાં જરૂરી ફેરફારો કરી અને અરજી કરવા માટેની સમય મર્યાદા તા. ૩૧-૩-૨૦૨૦ સુધી લંબાવવી આવશ્યક છે.

**<u>અગાઉ ભરેલ પૈસા વેરા પેટે ગણવા જોઇએ</u>**

માફી યોજનાના ઠરાવના ૧૨ નંબરના ફકરામાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે આ યોજના અમલમાં આવી તે પહેલા કોઇ વ્યક્તિએ માંગણા પેટે અંશતઃ ભરણુ કરેલ હશે તો આવું ભરણુ વેટ કાયદાની કલમ-૩૦(૬) ની જોગવાઇ અનુસાર પહેલા વ્યાજ પેટે, પછી વધે તો દંડ પેટે અને આવું સરભર કર્યા પછી કોઇ રકમ બચે તો તેને વેરા પેટે ભરેલ ગણાશે. અલબત્ત સાથે એવી જોગવાઇ પણ કરવામાં આવેલ છે કે જેઓએ આવુ આંશિક ભરણુ કરેલ હશે તેમાં જે રેગ્યુલર વેપારી હશે તેમના કેસમાં યોજના હેઠળ ભરવાપાત્ર રકમના ૫૦% ની મર્યાદામાં આવી ભરેલ રકમનું વધારાનું રેમીશન આપવામાં આવશે અને જેમના કેસમાં રેડ પડેલ હશે તેમના કેસમાં યોજના હેઠળ ભરવાપાત્ર રકમના ૨૫% ની મર્યાદામાં ભરેલ રકમનું વધારાનું રેમીશન આપવામાં આવશે. આ શરતને કારણે જે વેપારીઓએ યોજના અગાઉ આંશિક ભરણુ કરેલ હોય તેઓને જેઓએ કશું જ ભરણુ ન કરેલ હોય તેના કરતા ઓછો લાભ યોજના હેઠળ મળશે. આ ભેદભાવ ભરી શરત છે અને તેમાં જેઓને કોઇ જ ભરણુ ન કરેલ હોય તેઓને જેઓએ આંશિક ભરણુ કરેલ હોય તેના કરતા વધુ ફાયદો કરે છે જે અયોગ્ય છે. વળી આવી શરત માનનીય ગુજરાત હાઇકોર્ટના સફલ ડેવલપર્સ વિ. ગુજરાત રાજ્ય 99 VST 461 ના ચુકાદા અનુસાર ગેર બંધારણીય છે. જ્યારે અપીલમાં પ્રી ડીપોઝીટ તરીકે રકમ ભરેલ હોય ત્યારે કરેલ ભરણાને આવી જોગવાઇ લાગુ ન પડે તેવા ચુકાદા માનનીય કર્ણાટકા હાઇકોર્ટ રાયચૂર પાવર

કોર્પોરેશન લી. વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા 55 GSTR 107 અને સ્ટેટ ઓફ કર્ણાટકા વિ. WW રીટેલ સર્વિસીસ પ્રા. લી. 61 GST 102 માં આપવામાં આવેલ છે. આમ આ શરત ભેદભાવભરી અને ગેરકાયદેસર છે અને તેથી દૂર કરવી જોઇએ અને જે કોઇ આંશિક ભરણુ યોજના પહેલા ભરેલ હોય તેને વેરા પેટે જ ભરેલ ગણવી જોઇએ.

**<u>આંશિક લાભ મળવાપાત્ર કરવો જોઇએ</u>**

ઠરાવના પેરા ૧૧ મુજબ અપીલ આદેશ સિવાયના આદેશમાં યોજનાનો આંશિક લાભ ન લઇ શકાય અને પેરા-૯ મુજબ અપીલમાં જે તે મુદ્દા અંગે સંપૂર્ણ લાભ જ લેવો પડે તેવી જોગવાઇનું કોઇ તાર્કિક કારણ જણાતું નથી. અપીલના આદેશ અને અન્ય આદેશો વચ્ચે ભેદભાવભરી જોગવાઇ અયોગ્ય છે. અપીલમાં પણ જે તે મુદ્દા અંગે કાંતો યોજનાનો લાભ લો અથવા કાયદા મુજબ જવાબદારી નિભાવો તેવી જોગવાઇ અયોગ્ય છે. કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ C કે H જેવા ફોર્મ ન આવ્યા હોય અને તેથી અપીલ કરેલ હોય અને દરમ્યાનમાં અમુક ફોર્મ આવે તો યોજનાનો લાભ લેવા અંશતઃ આવેલ ફોર્મનો લાભ ન લઇ શકાય તેવી જોગવાઇ અયોગ્ય છે. રાજ્યના મોટાભાગના કેસોમાં આ સળગતો પ્રશ્ન છે અને તેથી આ શરત અંગે ફેરવિચારણા જરૂરી છે. ઇનપુટ ટેક્ષ ક્રેડીટ ન આપવાના પણ ઘણા કારણો હોઇ શકે અને અમુક કારણોનું અપીલ પડતર હોય ત્યારે નિરાકરણ થયેલ હોય છતાં જો યોજનાનો લાભ લેવો હોય તો જે બાબતનું વેપારીની તરફેણમાં નિરાકરણ થયેલ હોય છતાં તેનો લાભ ન લઇ શકાય તેવી જોગવાઇ અયોગ્ય છે. વેપારીને કોઇ પણ આદેશ પૈકી જેટલો લાભ યોજના હેઠળ લેવો હોય તેટલો તેઓ લઇ શકે તે પ્રકારની જોગવાઇ કરવી જોઇએ.

**<u>34(7) હેઠળ દંડના કેસોમાં ઓછો લાભ અયોગ્ય</u>**

યોજના હેઠળ રેગ્યુલર વેપારીને રેડના કેસો કરતા વધુ લાભ આપેલ છે જેની સામે વાંધો ન હોઇ શકે પરંતુ રેડના કેસોની સાથે જે કેસોમાં કલમ-34(7) હેઠળ દંડ થયેલ હોય તેમને પણ ઓછો લાભ આપેલ છે તે અયોગ્ય છે. જે કોઇ કેસમાં કોઇ પણ કારણસર ઇનપુટ ટેક્ષ ક્રેડીટ નામંજુર થયેલ હોય તેમાં કાયદાની 34(7) હેઠળ લાગુ ન પડતી હોય તો પણ તે કલમ હેઠળ દંડ લાદવાનું સામાન્ય છે. આ સંજોગોમાં ફક્ત કલમ- 34(7) હેઠળ દંડ લાગેલ હોય તેટલે યોજનાનો ઓછો લાભ આપવાની જોગવાઇ અયોગ્ય છે અને તે દૂર કરવી જોઇએ.

**યોજનામાં દંડમાં સંપૂર્ણ રાહત આપવી જોઈએ**

એન્ટ્રી ટેક્ષ કે મોટર સ્પીરીટ ટેક્ષેશન એક્ટ હેઠળના આદેશોમાં વેરાની સંપૂર્ણ રકમ અને લાગેલ દંડના ૨૦% ભર્યેથી બાકીની દંડની રકમનું રેમીશન આપવાની જોગવાઇ કરવામાં આવી છે. કોઇ પણ કાયદા હેઠળ યોજના હેઠળ વેરો ભરવામાં આવે તો દંડમાં સંપૂર્ણ રાહત આપવી જોઇએ. અન્ય કાયદાઓમાં આવી રાહત આપવામાં આવી હોય તો એન્ટ્રી ટેક્ષ અને મોટર સ્પીરીટ ટેક્ષેશન એક્ટમાં એવી રાહત ન આપવા માટે કોઇ યોગ્ય કારણ જણાતું નથી. વળી એન્ટ્રી ટેક્ષની કલમ-૧૭(૨) હેઠળ ૧૮% વ્યાજ દંડ પેટે લાગે છે અને આમ ગર્ભિત રીતે એન્ટ્રી ટેક્ષના કાયદા હેઠળ વ્યાજ અને દંડ બંને ૨૦% લેખે ભરવા પડે તેવી જોગવાઇ અયોગ્ય છે. જ્યારે ફક્ત દંડનો જ આદેશ થયેલ હોય ત્યારે યોજનાનો લાભ ન મળી શકે તેવી જોગવાઇ પણ અયોગ્ય છે અને દંડ પેટે અમુક રકમ ભરવામાં આવે તો તેવા કેસોમાં પણ યોજનાનો લાભ આપવો જોઇએ.

ઉપરોક્ત સૂચનોને ધ્યાનમાં લઇ હકારાત્મક નિર્ણય લેવા આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે.

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**

O/C copy

**નકલ રવાના :**

૧. **શ્રી જે. પી. ગુપ્તા, IAS**
ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષીસ, ગુજરાત

૨. **શ્રી અરવિંદ અગ્રવાલ, IAS**
અધિક મુખ્ય સચિવ
નાણાં વિભાગ, ગુજરાત સરકાર.